શેઠ ચીમનલાલ
નગીનદાસ
વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષઃ ૧૩, અંકઃ૩૬, સપ્ટેમ્બર-૨૦૨૪, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોનઃ૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## ૫ મી સપ્ટેમ્બર - શિક્ષકોની ભૂમિકા અને તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવાનો દિવસ





જ્યારે ડૉ. રાધાકૃષ્ણન ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓએ તેમનો જન્મદિવસ ઉજવવા તેમનો સંપર્ક કર્યો. ત્યારે ડૉ. રાધાકૃષ્ણને તેમના જન્મદિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવવાનું સૂચન કર્યું હતું. આ શિક્ષકો માટે આદરનું પ્રતીક બનશે. તેમના નમ્ર અને આદર્શ સૂચનને સ્વીકારીને ૧૯૬૨થી ૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે ઉજવવાનું શરૂ થયું. તેમના આ સૂચનને ધ્યાનમાં રાખીને વિચારીએ તો વિદ્યાર્થીઓને સાચી દિશામાં વાળવા એ શિક્ષક અને સમગ્ર સમાજનું સાચું કર્તવ્ય છે. શિક્ષક અને સમાજના વાણી અને વર્તન-વ્યવહારથી વિદ્યાર્થીના ચારિત્ર્યનું ઘડતર થાય છે. મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરવામાં શિક્ષકોનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે. સમાજનું ચારિત્ર્ય ઘડતર, સંસ્કારો અને સંસ્કૃતિનું રક્ષણ કરી નૂતન વિચારધારાઓને લઈ ગુરુ-શિષ્ય અને વિદ્યાર્થીઓની આગવી પરંપરા જાળવવા સમાજે ખૂબ મનોમંથન કરવું રહ્યું.

### કાળજી, માન, અખંડિતતા, વિશ્વાસ અને જવાબદારી :

આ શબ્દો કરતાં વધુ છે. તેઓ એવા મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. સંસ્થા - શાળા, ઘર કે સમાજ તરીકે આપણે જે કરીએ છીએ તે બધું જ પ્રેરિત કરે છે - બાળકો અને યુવાનો માટેના આપણા વલણ અને વ્યવહારથી લઈને, આપણે એકબીજા સાથે કેવી રીતે વર્તીએ છીએ તે બાળકોને પ્રેરિત કરે છે.

શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠા - એ શિક્ષકના જીવનનો પાયો છે. એક શિક્ષક (માતા - પિતા) બાળકને પોતાનું ભવિષ્ય જાતે ગૂંથવા માટે તૈયાર કરે છે તથા તેની આંતરિક શક્તિઓને કેળવીને નવીન ઊંચાઈએ લઈ જવાનું કામ કરે છે.


નવી ટેકનોલોજીના જમાનામાં આપણે સહુએ ક્રિએટિવિટી, આધ્યાત્મિકતા સાથે ઈમોશનલ અને નવા જ્ઞાનના જાણકાર હોવું એ ખૂબ જ અગત્યનું છે. વળી આ બાબતોનો ઉપયોગ બાળકો સાથેના કામમાં થવો એટલું જ અગત્યનું છે. ટેકનોલૉજી સાથે ભૌતિક સુવિધાઓ વધતાં જીવનમાં ઘણાં બદલાવ આવ્યા છે, એમાંય બાળકોના જીવનમાં ધરખમ બદલાવ અને ફેરફાર આવ્યા છે. માતા-પિતા અને શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથેનો વિશ્વાસ કેળવવો એ મહત્વનું છે. બાળકોનો વિશ્વાસ સંપાદન એ માતા-પિતા અને શિક્ષકો માટે આભૂષણ છે.

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# વિદ્યાવિહારનું ગૌરવ

**રાજેશ વ્યાસ ''મિસ્કીન' (૧૯૬૮ની બેચ )**



સી.એન.વિદ્યાલય મારા સ્મરણોમાં
વિદ્યાભૂમિ..... સંસ્કારભૂમિ

સા વિદ્યા યા વિમુક્ત્યે ... મુક્તિ અપાવે તે વિદ્યા. બાળકને માટે સાચા અર્થમાં વિદ્યાભૂમિ તેની શાળા હોય છે. ઘડપણના આ વળાંકે બાળપણની શાળાના ઘણાં પ્રસંગો ધસમસતા પૂરની જેમ ઊમટી રહ્યા છે. રમતનું મેદાન, પ્રાર્થનામંદિર, શાળાના વર્ગ, ઘટાદાર વૃક્ષો, મોટી રિસેસ, નાસ્તો, બોરસલીના વૃક્ષો, ચિત્ર ઉદ્યોગના ખંડ, લપસણી, હિંચકા, ચગડોળ અને એ બધા વચ્ચે જુદા-જુદા શિક્ષકોના જુદા-જુદા મૂડ અને સ્વભાવવાળા ચહેરા. એક સામટું ઘણું યાદ આવી રહયું છે.

માતા એ પહેલી ગુરૂ છે, ગુરૂ એ બીજી મા છે. સી.એન. એટલે સર્વાંગી વિકાસ. ચિત્ર ઉધોગ હોય કે સીવણ ઉદ્યોગ હોય. રમતના પિરિયડમાં જુદા-જુદા આસનો પશ્ચિમોત્તાસન, કુકુંટાસન, પદ્માસનથી લઈને કેવા-કેવા આસનો ૫ થી ૭ ધોરણમાં શીખ્યા. મારા જીવનમાં સી.એન. વિદ્યાલયે મારામાં રહેલી સાહિત્યની શક્તિને ખીલવી, પોષી અને મારી સંસ્કારભૂમિને વધારે મજબૂત બનાવી. પ્રાર્થનામંદિરમાં ઝીણાદાદા, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશીથી લઈને જુદા-જુદા સાહિત્યકારોને, વિદ્વાનોને દર અઠવાડિયે પ્રાર્થના સભામાં નિમંત્રણ અપાતા હતા. અનેક ક્ષેત્રના અનેક મહાનુભાવોને જોવાનો સાંભળવાનો અને મળવાનો લ્હાવો મળ્યો છે. તે દિવસોમાં ખબર નહોતીકે હું જે લખું છું એને કવિતા કહેવાય પરંતુ મારી કવિતાને સૌથી પહેલી બિરદાવવામાં આવી હોય તો એ સી.એન. દ્વારા એક-બે પ્રસંગ ખાસ યાદ આવે છે.

એકવાર પ્રાર્થનામંદિરમાં ઝીણાભાઈની સાથે સફેદ દાઢી, સફેદ વાળ, ધોતી અને ઝભ્ભામાં એક ઋષિ જેવા વ્યક્તિ આવ્યા. તેમણે હિમાલયનો પ્રવાસ કરેલો હતો. તેમનું નામ હતું કાકાસાહેબ કાલેલકર. તેમણે ઘણી સુંદર વાતો કરીતી પરંતુ તેમણે કહેલી એક વાતે મારા જીવનમાં ટચાકા ફોડવાની મારી જે ટેવ હતી તેને છોડાવી દીધી. આપણે ઘણીવાર થાકેલા હોઈએ ત્યારે, કંટાળેલા હોઈએ ત્યારે હાથની આંગળીના ટચાકા ફોડતા હોઈએ છીએ. કાકાસાહેબે બહુ સરસ વાત કરી હતી કે હું લાંબો સમય લખી નથી શકતો કારણકે મને બાળપણમા આંગળીના ટચાકા ફોડવાની ટેવ હતી. જતે દિવસે મારી આંગળીના સાંધાઓ ઢીલા થઈ ગયા. આજે મારે લહિયા રાખવા પડે છે. પ્રાર્થનામંદિરમાં બાળપણમાં સાંભળેલી આ વાત એવી યાદ રહી ગઈ કે ટચાકા ફોડવાનું છૂટી ગયું.

સંસ્કાર એ પાણીના ટ્રક જેવા છે. પાણી પોતાનો રસ્તો કરીને આગળ વધતું હોય છે. રૂમ હોય કે બાથરૂમ પાણી ક્યા ટ્રેક ઉપરથી,કયા રસ્તા ઉપરથી વહેશે એ નિશ્ચિત જ હોય છે. માત્ર એ દેખાતું નથી હોતું. દા.ત. બાથરૂમમાં આજે સ્નાન કરવા બેસીએ અને પાણી નાનાં-નાનાં ઝરણાંની જેમ વહી જાય છે. બીજે દિવસે તમે ધ્યાનથી જોશો તો પાણી ફરીવાર એ જ રસ્તા ઉપર,એ જ ટ્રેક ઉપર વહી રહયું હોય છે. માત્ર પાણી સુકાઈ જવાને લીધે એ ટ્રેક દેખાતો નથી હોતો પરંતુ એ ટ્રેક તો હોય છે જ. આપણા મનમાં આ સંસ્કાર ટ્રેક જેવા પડેલા હોય છે એને માત્ર વારસો અને વાતાવરણ મળે છે અને એ કાર્યરત થઈ જાય છે. સી.એનમાં આપણા સંસ્કાર ખીલે તેવું વાતાવરણ મે જોયું, અનુભવ્યું.

પાંચમાં ધોરણથી સી. એન.માં જોડાવાનું થયું. આજે તો મારી ત્રીજી પેઢી સી.એન.માં અભ્યાસ કરી રહી છે. અને મારા કુટુંબનો સૌનો એક અનુભવ વિશિષ્ટ રહ્યો છે કે બાળકને વિકસવા માટે જેવુ વાતાવરણ જોઈએ તેવું વાતાવરણ વર્ષોથી સતત સચવાતું આવ્યું છે. મને પ્રકૃતિ સાથે, પ્રાર્થનામંદિરની પ્રાર્થનાઓ દ્વારા મન સાથે મારી શાળાએ મને જોડ્યો છે. તાળીઓ નહીં, હાથ ઊંચો કરીને આનંદ પ્રગટ કરવાની આ રીત આજે તો જાણે એક યૌગિક પ્રક્રિયા લાગે છે. અનેક શાળાઓમાં આજે રમતનું મેદાન નથી. પ્રાર્થનાઓ થતી હશે કે કેમ એ ખબર નથી પરંતુ સી.એન.માં આ બધું ચેતનવંતુ છે અને પ્રાણપોષક છે.

બાળપણથી મારા કેન્દ્રમાં કવિતા, વાર્તા, ગુજરાતી સાહિત્ય છે. ગુજરાતી કવિતાઓના છંદોનું તાન પાંચમા ધોરણથી અહીં મળ્યું છે. આજે જે મારી પઠનકલા છે, મારી જે રજૂઆતની કલા છે તેમાં સી. એન.ના શિક્ષકોનો મોટો ફાળો છે.

આજે પણ જતાં આવતા સી. એન. આવે અને ધરાઈને નજર કરી લઉં છું. સી. એન. છોડ્યું ત્યારે બોરસલીના ઝાડને ખૂબ ધરાઈને જોઈ લીધું હતું. આ વૃક્ષો પણ મારા બાળપણના ક્યારે મિત્રો બની ગયા એ ખબર નહોતી. વિદ્યા તો જીવનભર મળતી રહે છે પરંતુ સી. એન. જાઉં છું ત્યારે મને હું પણ ગણવેશમાં સ્ટીલની બેગ લઈને સ્કૂલમાં જતો કે આવતો દેખાઉં છું. વિદ્યાવિહાર સાચા અર્થમાં ચિરંતન સાથી છે.

લેખનની આ યાત્રામાં હરિન્દ્ર દવે એવોર્ડ, કલાપી એવોર્ડ, શૂન્ય પાલનપુરી એવોર્ડ, કુમાર સુવર્ણચંદ્રક, મહર્ષિ અરવિંદ સુવર્ણ ચંદ્રક, નરસિંહ મહેતા એવોર્ડ મળેલ છે. ગુજરાત સરકાર દ્વારા સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ 'વલી' એવોર્ડ તેમજ સર્વોચ્ચ પદ્ય સર્જક તરીકે 'પારસ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત 'છોડીને આવ તું', ગઝલસંગ્રહનો ભાવનગર યુનિવર્સિટીમાં એમ. એ.ના ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં સમાવેશ થયેલ છે. વિવિધ ગુજરાતી મેગેઝિનોમાં ગઝલો, કવિતાઓ અને લેખો, નવનીત સમર્પણ, ગુજરાત સમાચાર દૈનિકમાં બુધવારે 'શબ્દ સૂરને મેળે, જનકલ્યાણ મેગેઝિનમાં 'અનહદના અજવાળા' લેખમાલા પ્રકાશિત થાય છે. જીવનના આ પડાવ પર હજી પણ સાહિત્ય સાથે સંકળાયેલ રહી શક્યો છું એનો પરમ સંતોષ છે.

અમે નમીએ તને ચિર સાથી
સાથી વિદ્યા વિહાર

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# Alumni Relation Officeના સંકલનથી પૂર્વ વિદ્યાર્થીઓનું વિદ્યાવિહારની શૈક્ષણિક તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં જોડાણ

## રાજસ્થાન-ત્રિપૂરા હાઇકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ શ્રી અકીલ કુરેશીનું વક્તવ્ય



સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં તાઃ૨૦.૭.૨૦૨૪ના રોજ ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ, ત્રિપુરા અને રાજસ્થાન હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી ચૂકેલ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી જસ્ટિસ અકીલ કુરેશી (૧૯૭૬ની બેચ)ના એક વક્તવ્યનું આયોજન વિદ્યાલય અને અંગ્રેજી માધ્યમના હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહે જસ્ટિસ શ્રી અકીલ કુરેશીનું હાર્દિક સ્વાગત કરી તેમનો પરિચય આપ્યો હતો અને ભવિષ્યમાં પણ વિદ્યાવિહાર સાથે જોડાયેલ રહેવા વિનંતી કરી હતી. વિદ્યાર્થીઓએ સૂતરની આંટી અને છોડ આપીને જસ્ટિસ કુરેશીનું સ્વાગત કર્યું હતું.



Indian Constitution સીરિઝ અંતર્ગત આ તેમનું બીજું વક્તવ્ય હતું. જસ્ટિસ કુરેશીએ ભારતની આઝાદીની ચળવળ, આઝાદી બાદ દેશને પ્રગતિશીલ બનાવવા માટે બંધારણનું ઘડતર અંતર્ગત સમજ આપી હતી. આઝાદી સમયે વિશાળ વૈવિધ્ય ધરાવતાં દેશ સમક્ષ વસ્તી વધારો, ગરીબી, સામાજિક અસમાનતા વિષમ આર્થિક પરિસ્થિતી જેવા ભીષણ પડકારો હતા. તેઓએ સુપ્રીમ કોર્ટના કેશવાનંદ ભારતી કેસમાં આપેલ સીમાચિન્હરૂપ ચુકાદા વિશે માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે Parliament can amend in the constitution with majority, but cannot change in the basic structure of the constitution. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના ૧૩ જજોની largest batch દ્વારા થઈ હતી. જે ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં largest batchમાંની એક હતી.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ડૉ. ભીમરાવ આંબેડકરના નેતૃત્વમાં વિવિધ સંપ્રદાય, જાતિ, વિવિધ પ્રદેશોના તજજ્ઞો તેમજ અનેક રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ભારતના બંધારણના ઘડતરમાં સામેલ હતા. આઝાદી પછી ૫૦૦ રજવાડાઓ અને મુખ્યત્વે જુનાગઢ અને હૈદરાબાદના રજવાડાઓને અનેક સમજાવટને અંતે ભારતમાં જોડાયેલ રહેવા માટે સરદાર વલ્લભભાઇ પટેલે અથાગ પ્રયત્નો કર્યા અને અખંડ ભારતનું સ્વપ્ન સિદ્ધ કર્યું. તેઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે વિનોબા ભાવેની ભૂદાન ચળવળ, ભગતસિંહનું બલિદાન, મહાત્મા ગાંધીની અહિંસક ચળવળ, સ્વામી વિવેકાનંદના શિક્ષણ અંતર્ગત વિચારો તેમજ અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને તેઓએ સિંચેલા idea of indiaને ક્યારેય કોઈ destroy ન કરી શકે. આ બહુમૂલ્ય આઝાદીને જાળવી રાખવાની જવાબદારી આજના વિદ્યાર્થીઓની છે કે જેઓ દેશના ભવિષ્યના ઉત્તરાધિકારી છે. તેઓને ૧૮ વર્ષે મતાધિકાર મળશે. અને તેઓ જ દેશનું ભવિષ્ય નક્કી કરશે. આજે દેશે ઘણી પ્રગતિ કરી છે. અને દેશના યુવાનો પર એમને વિશ્વાસ છે કે તેઓ દેશને પ્રગતિના પંથે લઈ જશે.



આ વક્તવ્યમાં શેઠ સારાભાઇ મગનભાઇ ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી સુહૃદ સારાભાઈ, વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, ગુજરાતી માધ્યમના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી તેમજ આચાર્ય શ્રી ધવલ પાઠક, અંગ્રેજી માધ્યમના નિયામક રીટા મુખર્જી તેમજ આચાર્ય શિલ્પા કુલકર્ણી તેમજ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. અંતમાં શ્રી ધવલ પાઠકે આભારવિધી કરી હતી.

શ્રી અકીલ કુરેશીએ વિદ્યાર્થીઓ, આચાર્ય તેમજ સ્ટાફના સભ્યોના પ્રશ્નોનાં સચોટ જવાબો આપી તેમની જિજ્ઞાસાને સંતોષી હતી.

– હેતલ મહેતા, ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

## શેઠ સી.એન.વિદ્યાવિહારમાં રાષ્ટ્રના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



રાષ્ટ્રના ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી શેઠ સી. એન. વિદ્યાવિહારમાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથી વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા લેખક શ્રી સુધીર દલાલ, ટ્રસ્ટી શ્રી સૌભાગ્યચંદ શાહ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહે પ્રારંભમાં શ્રી સુધીર દલાલનું પરંપરાગત રીતે સૂતરની આંટી અને રેંટિયાથી સ્વાગત કર્યું હતું અને તેમનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. તેઓએ જણાવ્યુ હતું કે આજે વિદ્યાવિહારના ૧૯૫૦ની બેચના પૂર્વ વિદ્યાર્થી અંહી હાજર છે એ એક ખૂબ આનંદની વાત છે. આજે ૯૦ વર્ષની વયે પણ તેનું જીવન પ્રવૃત્તિમય છે. તેઓ ટેકસટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ હતા. તેઓએ ઘણા પુસ્તકો લખ્યા છે અને એવોર્ડ મેળવેલ છે. ત્યારબાદ વિદ્યાલય, કિશોર વિદ્યાલય અને અંગ્રેજી માધ્યમ શાળાના સંગીતવૃંદ દ્વારા રાષ્ટ્રગાન વંદે માતરમ અને દેશભક્તિ ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શ્રી સુધીર દલાલના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને સ્નેહરશ્મિ રચિત ઝંડાગીતના ગાન સાથે જ સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

શ્રી સુધીર દલાલે તેમના વક્તવ્યમાં વિદ્યાવિહારમાં વિતાવેલ શાળાકીય દિવસોને તેમના જીવનનો એક ખૂબ જ મહત્વપૂર્ણ તબક્કો ગણાવ્યો હતો. તેઓ સહુ શાળાકીય અભ્યાસ દરમ્યાન સ્વતંત્રતા માટેની ચળવળના સાક્ષી રહ્યા હતા એમ જણાવ્યુ હતું. તેઓએ આઝાદી માટે અનેક શહીદોએ આપેલા બલિદાનને યાદ કરીને મળેલ આઝાદીને જાળવી રાખવાની સહુ નાગરિકોની નૈતિક ફરજ છે એમ જણાવ્યું હતું. હાલ ભારતના પાડોશી દેશોમાં જે તંગદિલી અને અરાજકતા સર્જાઈ છે તે અંગે દેશના નાગરિકોએ સતર્ક રહી સભાનતાપૂર્વક એકતા જાળવી રાખવી ખૂબ જ જરૂરી છે. અનેકતામાં એકતા એ ભારતની આગવી ઓળખ છે. તેમનું વક્તવ્ય ખુમારીયુક્ત અને દેશદાઝથી સભર હતું.

ત્યારબાદ વિદ્યાલયના પ્રાર્થનામંદિર પાસેના મેદાનમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં અનેક પૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શ્રી સુધીર દલાલ, શ્રી જગત કિનખાબવાલા, શ્રી સમીર શાહ અને તેમની ટીમના સભ્યો, શ્રી જયશ્રી મહેતા, શ્રી સ્મૃતિ ડાગુર, શ્રી વંદન દલાલ, શ્રી જીગેન શેરદલાલ, શ્રી પ્રતિક મુન્શી, શ્રી મુકેશ શાહ, શ્રી પાર્થિવ જાની, શ્રી નિશિથ શાહ, શ્રી સોનાલી દલાલ, શ્રી શ્રેયસી પરીખ તેમજ અન્ય પૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## શેઠ સી.એન.વિદ્યાવિહાર અરણ્યમાં વિદ્યાર્થીઓ માટે વૃક્ષારોપણ કાર્યક્રમ

નૈસર્ગિક સૌંદર્ય એ વિદ્યાવિહારની એક આગવી ઓળખ છે. વર્ષોથી આ હરિયાળા પરિસરની જરૂરી માવજત અને તેના વિકાસમાં વૃદ્ધિ થઈ રહી છે.



વિદ્યાવિહારના ‘અરણ્ય’માં તા. ૧૩-૭-૨૪ની સવારે ૮ થી ૧૦ કલાક દરમ્યાન પૂર્વ વિદ્યાર્થીઓ માટે વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રકારના saplings વાવ્યા હતા જેથી વર્ષાઋતુમાં તેનો સરસ ઉછેર થઈ શકે. અવિરતપણે વિદ્યાવિહારના માળીઓની ટીમ આ માટે કાર્યરત છે,

આ કાર્યક્રમમાં પૂર્વ વિદ્યાર્થીઓ, શ્રી નીતિન શુક્લ, શ્રી સ્મૃતિ ડાગુર, શ્રી પ્રતિક મુન્શી, ડૉ. નિતિશ વોરા, શ્રી સમીર શાહ અને ટીમ, શ્રી વંદન દલાલ, શ્રી જીગેન શેરદલાલ, શ્રી આનંદ પાઠક શ્રી નીતિન અમીન ઉપરાંત ઘણા યુવા વિદ્યાર્થીઓ પણ આમાં જોડાયા હતા. વર્ષ ૨૦૧૦ની બેચના વિદ્યાર્થી શ્રી સિદ્ધાર્થ આનંદજીવાલાએ ૧૧૦૦ saplings સંસ્થાને આપ્યા હતા. તેમના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે તેઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.



સી..એન.અરણ્યમાં એક નાનું તળાવ બનાવવામાં આવ્યું છે. જેણે અરણ્યની સુંદરતામાં અનેરો વધારો કર્યો છે. આનાથી શાળામાં Eco-System વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન મળી શકશે. શૈક્ષણિક સંસ્થામાં ‘અરણ્ય’ને વિકસાવવું એ કદાચ પ્રથમ પ્રયાસ છે. ફાઇન આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે land scape sketching માટે આ એક ખૂબ જ મનપસંદ spot વિદ્યાવિહારના પરિસર પર જ બની ગયું છે. પર્યાવરણને બચાવવા અને સમૃદ્ધ કરવા વધુને વધુ વૃક્ષારોપણ કરવું જરૂરી છે એ બાબત યુવાઓ સમજે અને એના માટે આગળ આવે એ જરૂરી છે.

– હેતલ મહેતા
ARO, શેઠ ચી.ન.વિદ્યાવિહાર

## PONDICHERRY VISIT: OBSERVATIONS, ISSUES AND RECOMMENDATIONS

A team of seven members comprising the heads of Sheth C N Vidyavihar viz Dr. Vaishali Shah – Campus Director, Mr. Rajendra Jadeja – Advisor to Campus Director, Mr. Hitendra Trivedi – Director of Gujarati Medium Schools, Dr. Jayesh Raval – Director of Angreji Kendra, Mrs. Seema Shah – Academic Director of Vishisht Varg, Dr. Shilpa Kulkarni – Principal of Sheth C N English Medium School, along with Mr. Yogesh Thanki, visited Shri Aurobindo International Centre for Education at Pondicherry in the month of July 2024 to understand the academic program, the multilingual approach, the unique pedagogy including the process of continuous assessment, the education philosophy of Sri Aurobindo and the Mother.



### OBSERVATIONS

Based on the observations undertaken during the visit, a meeting was conducted on 13/08/24, to discuss about the issues, the recommendations and the strategies to put them into practice.

After a brief recapitulation of the description of the visit, the discussion steered to the agenda about how the other Gandhian institutes have a non-flexible and rigid approach towards mother tongue, to quote an example – a renowned institute has the same approach towards foreigners as its local students, which creates a gap between the students and the language learning. This causes an anti-English attitude and learning of languages apart from mother tongue becomes a burden for the students. On the other hand, the approach in Ashram school is that learning of an additional language is helpful in spiritual development of a person. The suggestion offered was that a document to be prepared which can emphasize on the acceptable approach for languages because learning multiple languages is not a burden but in fact contributes in developing the personality, IQ and spiritual aspect of a person.

The writings of the Mother are majorly in French and English and hence these two languages are the basic languages at the Ashram School. Sanskrit is also introduced at the pre-school level. Children are encouraged to speak in their mother tongue and for any language as the mother tongue the teachers are available. The multilingual approach is adapted in a way which is devoid of grammar or translations, ensuring that the essence of the language does not get lost in the translations. Grammar for the language is internalised through simple interactions making language learning simple for the children. This strategy used has been accepted universally for language acquisition. Each child of the school speaks more than six to seven languages during their school tenure. As per the free progression concept of SAICE, the progress of the students is monitored by the teachers in terms of their ability to do things using language and not through formal examinations. A student enjoys learning when there are no tests involved. It is imperative for the parents as well as students to understand the importance of learning without the stress of tests or exams because the attention and focus then gets shifted exclusively on performing better in tests rather than life.

### MAJOR ISSUES

One of the major issues faced by large is when learning of languages other than mother tongue is considered as a burden. It can be observed that even illiterate people use at least two – three languages defying the myth that language learning can be a burden. This was further observed at SAICE that the children happily learned multiple languages with the correct approach and pedagogy.

The second main concern is that India as a country has been dominated by a multilingual, multi -cultural, multi-racial social reality. The schooling system has an inbuilt tension because the language teacher is expected to teach 'shuddh' bhasha to the students, while research shows that the knowledge of shuddh bhasha can be gained by listening and reading and not by the prescribed rules.

### RECOMMENDATIONS

The recommendations to implement this is by creating a consensus among the teachers and the parents regarding language acquisition and help them understand the same. Various platforms can be created to help parents understand the philosophy that learning more than one language makes a person intelligent, sharp and enhances the spiritual quotient. The stakeholders may visit various other institutions following a similar pedagogy, across the country. Though the examination pattern cannot be changed, it is important to shift focus on functional ability instead of formal correctness. Language acquisition should be through self-learning projects instead of regular teaching. These projects should be a well-defined series of activities. The teachers can be guides and help the students arrive at conclusion during the execution of the projects. Help can be taken from the parents, alumni etc for the same. The children should be given the freedom to decide which project he/ she wants to pursue with the help of the teachers. Last but not the least there should be a joy of learning without any pressure or tension.

**- Shilpa Kulkarni,** Principal, CNEM

# કાઉન્સેલિંગ સેન્ટર દ્વારા વોકેશનલ ગાઈડન્સ કાર્યક્રમ

આજના વિશ્વમાં જ્યાં હાર્ડ વર્ક કરતાં સ્માર્ટ વર્કને ખૂબ મહત્વ આપવામાં આવે છે, ત્યાં આજના વિદ્યાર્થીઓ કારકિર્દી પસંદ કરવા માટે ખૂબ મુંજવણ અનુભવતા હોય છે. તેઓને આર્ટ્સ, કોમર્સ કે સાયન્સ ક્યો પ્રવાહ પસંદ કરવો? ક્યાં ક્ષેત્રમાં કારકિર્દી પસંદ કરવી તે વિષે અનેક પ્રશ્નો થતાં હોય છે. તેઓ આ પ્રશ્નોની ચર્ચા અનુભવી કે બિનઅનુભવી લોકો સાથે કરતાં હોય છે. તેઓ જેટલા લોકોને પૂછે તેટલા ઉત્તરો મેળવે છે અને આવા વિવિધ ઉત્તરો સાંભળીને સ્ટ્રેસ અનુભવે છે. તેમજ ઘણી વાર ઉદાસ થઈ જતાં હોય છે. તેઓને સાચું માર્ગદર્શન ક્યાથી લેવું તેની સમજ પડતી નથી. ઘણીવાર માતા પિતા ને પણ ખ્યાલ આવતો નથી કે તેમના બાળકને તે લોકો શું મદદ કરે? આમ, વાલીઓ અને વિદ્યાર્થીઓ બંને મુંજાય છે કે હવે શું કરવું અને ક્યાં પૂછવા જવું? વિદ્યાર્થીઓની આવી મુંજવણ ને ધ્યાનમાં રાખીને શેઠ સી. એન. કાઉન્સેલિંગ સેન્ટર દ્વારા તા. ૧૦/૦૭/૨૦૨૪ના રોજ શેઠ સી. એન. વિદ્યાલય અને શેઠ સી. એન. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના



ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ‘‘વોકેશનલ ગાઈડન્સ’’ નો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પારૂલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર (વક્તા અને પ્રશિક્ષક) ડૉ પવન દ્વિવેદીએ વિદ્યાર્થીઓને વોકેશનલ ગાઈડન્સ વિષે માહિતી આપી હતી. જેમાં તેઓએ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા વિષે પ્રેરણા આપી હતી અને અલગ અલગ ફિલ્ડમાં જેમકે રેલ્વે, યુપી-એસસી, આઈઆઈએમ, આઈએસઆઈ (ઈંડિયન સ્ટેસ્ટીકલ ઇન્સ્ટિટ્યૂટ)માં કઈ રીતે એડમિશન મેળવી શકાય અને તેમાં કઈ રીતે કારકિર્દી બનાવી શકાય તે વિષે જણાવ્યુ હતું. તેમણે એમ પણ જણાવ્યુ કે સમસ્યામાંથી જ રિસોર્સિસ ઉત્પન કરી શકાય છે. એટલે સમસ્યાઓથી ડરવું જોઈએ નહીં. દુનિયામાં ભારત કેટલું આગળ છે અને આજના બાળકો તેને વધારે આગળ કઇ રીતે લઈ જઇ શકે, તે માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. આ ઉપરાંત ગર્વમેંટ દ્વારા મળતી અલગ અલગ સ્કોલરશીપ વિષે પણ માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના ગુજરાતી મીડિયમના નિયામકશ્રી હિતેન્દ્ર ત્રિવેદી, પ્રિન્સિપાલ શ્રી ધવલ પાઠક વગેરે હાજર રહ્યા હતા. આમ, આ કાર્યક્રમ દ્વારા લગભગ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ વિષે પ્રેરણા આપી કારકિર્દી પસંદગી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

- ડૉ ગીતા ડોડિઆ, કાઉન્સેલિંગ સેન્ટર

# 'BEING REAL IN A WORLD FULL OF FILTERS'

Since the day we were born: Postures perfected? Moral values learnt? Straight A's? No misconduct? A scholarship in a prestigious University? Seems perfect, doesn't it? Everybody wants to be perfect and in their pursuit of perfection, people often hide behind filters. In our digital age, filters are the masks of modern photography, the delicate veils that transform reality into enhanced vision of perfection. The layers that add glamour, vibrance and sometimes create an illusion of flawlessness in our everyday life.

But why are filters required? Why can't we be imperfect? Isn't nature imperfect and aren't we a part of nature? Just look, think about the nature. How is it? It is full of snared tree roots, jagged mountain peaks, blemished petals of a wildflower- each imperfection tells us a story of resilience, of beauty, found in the raw and unaltered.

Much like nature we too, are marked with imperfections. The wrinkles etched by time, the scars of battles fought and lessons learned, the unique quirks that set us apart. Yet in a world obsessed with filters and facades, we often forget that it is these very flaws that make us real that render us as a beautiful human.

But when we constantly see images of perfect skin, bodies and lifestyles, it is easy to feel incomplete. This comparison has a global implication and leads to a cycle of comparison that can create a culture of hypocrisy leading to a gap between peoples' online personas and their real lives.

A survey by American Psychological Association and a report by WHO in 2023 proves that 70% of people feel inadequate when they compare themselves to the filtered images they see online and highlights a surge in mental health issues. Reality bites, but then that's what we are, the original. It is about celebrating our unique flaws and strengths rather than striving for the unattainable ideal.

Companies are increasingly valuing authenticity over polished perfection just like Dove's campaign of real beauty has been talked about for featuring real women of all shapes and sizes. Even Prableen Bhomrah known as 'The No FILTER' girl once faced criticisms due to her appearance on social media. Still, she decided to be herself and this gained her over 4,40,000 followers. Such people and campaigns challenge the traditional beauty standards and redefine beauty and success.

To conclude, in a world where filters reign supreme, being real is a breath of fresh air. Authenticity shines brighter than any curated facade. It is not difficult to ditch the digital disguises and reveal our genuine faces, thoughts, and emotions. By doing so, we inspire others to do the same, creating a ripple effect of raw, unfiltered beauty. Let us celebrate our unfiltered selves and reject the pressure to conform to unrealistic standards. In a sea of edited perfection, being real is the most beautiful filter of all.

**Tashvi Mankad, X A**

(Winner of CN's Ms. Willie Divan English Elocution Competition)

Sheth CNEM

## ''રાખી ફોર આર્મ્ડ ફોર્સીસ''
## રાખડીઃ લાગણી દેશના જવાનો માટે

ભારતના હૃદયમાં, સંસ્કૃતિ અને પરંપરા લોહીમાં વણાઈ ગઈ છે, આવો જ એક ઉત્સવ રક્ષાબંધન, જે પ્રેમ, ત્યાગ અને એકતાનું પ્રતિક છે.

''રાખી ફોર આર્મ્ડ ફોર્સીસ'' આ પહેલ, ઈન્વિંસિબલ એન.જી.ઓ. અને યુવા ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવી છે. જે માત્ર એક અભિયાન નથી પણ ભાઈચારા અને માનવતાની લાગણીઓને જોડતો ઉત્સવ છે.



શેઠ સી. એન. બાલવિદ્યાલયના ભૂલકાંઓને રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવા માટે અનેરો અવસર પ્રાપ્ત થયો હતો. બાળકોએ દેશની રક્ષા માટે લડી રહેલા જવાનો માટે જાતે રાખડી બનાવી, શુભેચ્છાઓ પાઠવતા પત્રો લખ્યા, એટલું જ નહિ દેશની રક્ષા કરતા જવાનોના કાંડે રક્ષાનો ધાગો પણ બાંધ્યો.

એન.જી.ઓ. સંસ્થા તેમજ આચાર્યાશ્રી હેતલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ શેઠ સી. એન. વિદ્યાવિહારના વિવિધ વિભાગો વતી શેઠ સી. એન. બાલવિદ્યાલયની કુલ ૬ દીકરીઓ તેમજ શિક્ષકશ્રી મીના ગાંધી અને શ્રી સાગરભાઈ બોરીચા અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલ આર્મી કેમ્પના જવાનોને મળી આ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

વિદ્યાર્થીનીઓએ જવાનોના હાથે રાખડી બાંધી તેમજ વિદ્યાર્થીએ લખેલા પત્ર વાંચતા વાંચતા અધિકારીઓની આંખો લાગણીઓથી ભીંજાઈ ગઈ હતી. આ ઉપરાંત એક બટાલિયન સાથે વિદ્યાર્થીઓ અને વોલેન્ટિયર્સના વાર્તાલાપ દરમિયાન એક છોકરી એ કહ્યું કે તમે સરહદ પર રક્ષા કરો છો તેથી અમે ઘરમાં સુરક્ષિત છીએ આનો ઉત્તર આપતા સેના અધિકારી કહે છે કે ખરેખર તો તમારા બધાનો પ્રેમ જોઈને સરહદ પર લડવાની પ્રેરણા મળે છે, હિંમત વધી જાય છે.

આ પહેલ આપણને યાદ અપાવે છે કે કઠિન પરિસ્થિતિઓમાં પણ પ્રેમ અને પરંપરાનું બંધન આપણને અડીખમ ઊભા રહેવાની હામ આપે છે. સૈનિકો તહેવારોમાં પોતાના પરિવારથી ખૂબ દૂર પોતાની ફરજ પર હોય છે. પરંતુ બાલ વિદ્યાલયના ભૂલકાંઓએ રાખડી મોકલીને, એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું.

## ''જીવનમાં ધીરજનું મહત્વ''

''ધીરજ ( ધૈર્ય ) એ રાહ જોવાની ક્ષમતા નથી, પરંતુ રાહ જોતી વખતે સારું વલણ રાખવાની ક્ષમતા છે.

આજના ઈનસ્ટાગ્રામ કે ઈન્ટરનેટના જમાનામાં ધીરજનો ગુણ કેળવવો કઠિન છે. જીવનમાં ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આવતી હોય છે તેમાં પ્રથમ પ્રયત્નેજ આપણે પાસ થઈ જઈએ એવું ક્યારેક જ બને તેમ છતાં પાસ થવા નિષ્ફળતાને ધ્યાનમાં રાખ્યા વગર ફરી ધીરજનો ગુણ સાથે રાખી ફરીવાર પ્રયત્ન કરવાથી ચોક્કસ સફળતા મળે છે.




આપણે ''નીરજ ચોપરા''નો દાખલો લઈએ. આજે પૂરા વિશ્વનો શ્રેષ્ઠભાલા-ફેંક રમતનો શ્રેષ્ઠ ખેલાડી છે. તેની ખુબજ મહેનત હોવા છતાં ઘણીવાર નિષ્ફળતા પ્રાપ્ત થઈ છે છતાં ધૈર્ય રાખી સફળતા માટે સતત પ્રયત્ન ચાલુ રાખ્યો અને સફળતા પ્રાપ્ત થઈ. આવા ઘણા વ્યક્તિઓ, ખેલાડીઓ છે જે પોતાની નિષ્ફળતા પછી પણ સતત પ્રયત્ન કરવાથી આજે શ્રેષ્ઠતા પામ્યા છે.

ધીરજ અને મહેનતથી આપણે એ બધું પ્રાપ્ત કરી શકીએ જે શક્તિ અને ઉતાવળથી પ્રાપ્ત નથી કરી શકતા, ધીરજ આપણામાં આત્મવિશ્વાસ વધારે છે.

ધીરજ આપણી ચિંતાને રોકે છે, મનને શાંત કરે છે,જેનાથી આપણી વિચારવાની અને સમજવાની ક્ષમતા વધે છે, પરીણામે આપણે પ્રગતિશીલ નિર્ણય લઈ શકીએ છીએ. જેનાથી આપણું માનસિક સ્વાસ્થ્ય સુધરે છે.

ધીરજ આપણાં શરીરને પણ સ્વસ્થ બનાવે છે, કેવી રીતે? કોઈપણ અવરોધ અથવા સમસ્યા આવે ત્યારે ધીરજ આપણું બ્લડપ્રેશર સંતુલિત રાખે છે, જેના કારણે હાર્ટ અટેક અને માનસિક દબાણ (ડિપ્રેસન) આવતું અટકે છે.

ધીરજ રાખવાથી આપણે આપણા દરેક કાર્યમાં સફળતા મેળવીએ છીએ કારણકે તે આપણામાં નકારાત્મક વિચાર આવવા દેતું નથી.

જે વ્યક્તિ પોતાના જીવનમાં ધૈર્ય રાખે છે તે હમેંશા શિસ્તબધ રહે છે, જેને કારણે દરેક કામ સમયસર થઈ જાય છે.

જો આપણે આપણા લક્ષ્ય સુધી પહોચવું હોય તો ધીરજ રાખવી પડશે, દરેક વ્યક્તિ આવા ગુણ સાથે જીવનમાં સફળ થાય છે.

''ધીરજના ફળ મીઠાં''

- મિતાબેન મુંજપરા, મદદનીશ શિક્ષિકા
શેઠ ચી. ન. શિશુવિહાર.

# દીકરી સમાજનું ઘરેણું

''દીકરી સમાજનું સાચું ઘરેણું છે. અને દિકરીનું સાચું ઘરેણું એટલે તેના સંસ્કાર ''

એક દીકરી એ બાપનો શ્વાસ અને મા નો પડછાયો છે. જયારે આપણે દીકરી વિશે વિચારીએ ત્યારે એક ખુશીઓથી છલોછલ ભરેલું ઘર, ખીલખીલાટ ખુશીથી છલોછલ ઘર નજરે ચડી આવે છે. પિતા શ્રીમંત હોય કે ગરીબ પણ તે તેની દીકરી માટે તો રાજા જ હોય છે. તે તેની દીકરી ને રાજકુમારીની જેમ આભૂષણોથી સુસજ્જ રાખે છે. દીકરી જયારે નાની હોય ત્યારે તેના પગમાં ઝાંઝર પહેરાવવામાં આવે છે અને થોડી મોટી થાય ત્યારે કાનમાં બુટ્ટી અને નાકમાં નથણી પહેરાવી માતા લક્ષ્મીની જેમ સજાવે છે.

દીકરી તે માતા લક્ષ્મીનું સ્વરૂપ છે. અરે આ તો ખાલી તેના બાહ્ય આભૂષણો છે. પણ તેના સાચા આભૂષણો તો સંસ્કાર છે તે જ્યારે યુવાવસ્થામાં હોય ત્યારથી જ તેની બોલવાની ઢબ, તેના સંસ્કાર, તેની વાત કરવાની રીત વૃદ્ધિ પામે છે અને સંસ્કારનું સિંચન થાય છે. કયારેક તો સંસ્કારના ઘરેણાં તેના સ્વપ્ન સાથે ત્રાજવામાં તોલાય છે અને તેને આ ત્રાજવાના પલડામાં પોતાના સ્વપ્ન, તેનો ગમો-અણગમો, પસંદગી આ બધું જ ત્રાજવામાં તોલવા પણ પલડું ભારે થઇ શકતું નથી. આમ, છતાં પણ દીકરીને આ સંસ્કારોનું ઘરેણું પહેરવું જ પડે છે. કયારેક તો તે મનમાં મુંજાય છે તો કયારેક તે ઘરેણાં નથી પહેરતી અને ઝઘડો કરી લે છે પણ આ બાદ નાછુટકે તેના સ્વપ્ન, પસંદગી, ગમો-અણગમો બધું છોડીને તેને ઘરેણાં પહેરવા પડે છે.

દીકરી તે સમાજનું કિંમતી ઘરેણું છે. તેને આપણે વ્હાલ કરવુ જોઈએ અને તેને પ્રેમ કરવો જોઈએ પહેલાના સમયમાં જેના ઘરે દીકરી નો જન્મ થતો તે ઘરના બધા જ લોકો દુઃખી થતા અને સમાજ તેઓના માતા-પિતાને મહેણાં-ટોણા મારતા અને તેઓનો તિરસ્કાર કરતા.

દીકરી તો બે પરિવાર સાથે જોડાયેલી હોય છે. તેનું બાળપણ આખું ૨૦ વર્ષ સુધી તેના માતા-પિતા સાથે વિતે છે અને પછી લગ્ન કર્યા બાદ તેનું આખું સાંસારિક જીવન તેના સાસરિયામાં વિતે છે તેને સાસરે પણ આ ઘરેણાં પહેરવા પડે છે.

''દીકરી પિતાના કાળજાનો કટકો છે ''

દીકરી જયારે સાસરીયે જાય તે પહેલા તેના પિતા સાથે ભલામણ કરી જાય છે કે ''પિતાજી મારા માતા થોડા ભોળા છે જો તેમનાથી કોઈ ભૂલ થાય તો તેમને વઢશો નહી.'' દીકરીને માતા પ્રત્યે એટલો જ પ્રેમ હોય છે જેટલો પિતા પ્રત્યે હોય.

પિતા તો દીકરીને સૌથી વધુ પ્રેમ કરે અને અત્યારે બીજા સભ્યો પણ દીકરીને પ્રેમ કરે છે પણ..... ' પિતાની તોલે કોઈ ન આવે '

પણ અત્યારના કેટલાક દુષ્ટ વ્યક્તિઓ દીકરીઓની હમશ અને ચારિત્ર્ય પર દુષ્ટકર્મ કરી તેઓને ઘાતક રીતે નુકશાન પહોચાડે છે.

શું આવું જ છોકરીઓને સહન કરવાનું??

અંતે હું બીજું કાંઈ કરી તો નહી શકું પણ એટલું તો જરૂર કહીશ કે છોકરીઓએ નિડર બનીને રહેવું જોઈએ અને છોકરીઓના ચારિત્ર્ય પર આંચ આવે તો છોકરી નહી છોકરો બનીને સામનો કરવો જોઈએ.

- દૂધરેજિયા ક્રીનલ, ધોરણ-૭ બ

# વ્યવસાયિક શિક્ષણને ઉત્તેજન

ભારતની વસ્તીના પ્રમાણમાં આજના બાળકને તેની પુખ્ત ઉંમરના સમયે પૂરતી રોજી-રોટી અને તેના પરિવારનું ગુજરાન સારી રીતે ચલાવી શકે તેવા હેતુસર આગામી આયોજન માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં આવનાર છે, ત્યારે આજનું યુવાધન તેના દેશના વિકાસમાં સહભાગી થવા માટે તેને પગભર થઈ દેશ સેવા કરી શકે તે માટે આગામી શિક્ષણ નીતિની આવશ્યકતામાં વોકેશનલ અભ્યાસક્રમો અમલમાં મુકવામાં આવેલ છે.પ્રાથમિક કક્ષાએથી આ માટે પ્રયત્નો કરવામાં આવે તો બાળકને તેની પુખ્ત ઉમરે પોતાનો આગવો વ્યવસાય કે તેના રસનો ધંધો અથવા રોજગારીની તકો ઉભી કરવામાં તેને મુશ્કેલી નડશે નહીં.

ગામડાઓમાં એવા અનેક ધંધા રોજગાર છે કે તે આજે મૃતપાયઃ અવસ્થામાં છે.જેમ કે વણાટનો ધંધો ભરતગૂંથણ આજે વિદેશમાં વખણાઈ રહ્યું છે પરંતુ અહીંના લોકો વિદેશી કપડાના મોહમાં સ્વદેશીને ભૂલી ગયા છે. આવા અનેક ગૃહ ઉદ્યોગો વિકસ્યા છે આજના ટેકનોલોજીના યુગમાં પણ બીજી અન્ય ધંધા રોજગારો વિકસાવી બાળકને પ્રાથમિક શિક્ષણ દ્વારા સમજ આપવાથી વોકેશનલ ધંધાઓ ખૂબ જ સારા પ્રમાણમાં અસ્તિત્વમાં આવનાર છે.

એક નાનકડા લોખંડના ટુકડાને ટાંકણી બનાવી વેચવામાં આવે તો ૫ રૂપિયા ઉપજે. જ્યારે તે જ લોખંડના ટુકડાને સોય બનાવી વેચવામાં આવે તો રૂપિયા ૧૦ ઉપજશે અને જ્યારે એ જ લોખંડના ટુકડાને કોઈ ઘડિયાળની કમાન બનાવી વેચવામાં આવશે તો રૂપિયા ૧૦૦ ઉપજ મળશે. આ ઉદાહરણ જૂનું પુરાણું છે પરંતુ હાલની આ નવી શિક્ષણ નીતિના વિષયના અનુસંધાનમાં બંધબેસતી વાત છે એટલા માટે એક સામાન્ય ઉદાહરણથી વોકેશનલ કે પ્રોફેશનલ ધંધાનો પ્રાથમિક શિક્ષણથી વિકાસ કરવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત બીજા અનેક વ્યવસાયો જે શિક્ષણમાં ઉપયોગી થઈ શકે તેમ છે જેમ કે કોમ્પ્યુટરનું શિક્ષણ ઉપરાંત તેને રિપેરીંગ મશીનરી વગેરે અનેક વ્યવસાયોનો શિક્ષણમાં ઉપયોગ કરવાથી આવનારા દિવસોમાં કોઈ બાળક નિરસ રહેશે નહીં ઉપરાંત તેની આવડત,ધગશ અને રસના કારણે તેના શૈક્ષણિક મુદ્દાને સમયસર અને ઊંડાણપૂર્વક પૂરતો ન્યાય આપી શકશે. સાથે જ બેગલેસ ડેના નવા પ્રયોગને સારી રીતે ન્યાય આપી શકાશે.

વ્યવસાયી શિક્ષણમાં વિદ્યાર્થીની વય મર્યાદા પ્રમાણે શીખવી શકાય તેવા વિષયોનો સમાવેશ થઈ શકે. ઢીંગલીઓ બનાવવી ,ફૂલો ,ફળ તથા શાકભાજી ઉત્પાદનના કામો ખેતીવાડીને લગતા કામો દૂધમાંથી બનતી ચીજ વસ્તુઓ બેકરીની બનાવટ, ભરતકામ, સીવણકામ, મીણબત્તી તૈયાર કરવી, ફોટો ફ્રેમ બનાવી કમ્પ્યુટર શિક્ષણ મેળવવું વગેરે, માટેના અભ્યાસક્રમો તૈયાર કરી પ્રાથમિક ધોરણેથી જ વિદ્યાર્થીઓને શ્રમ કરવા પ્રેરી શકાય છે.

આને કારણે વિદ્યાર્થી ધીરે-ધીરે આવા કૌશલ્યોમાં નિપુણતા પ્રાપ્ત કરી શકશે અને જીવનમાં પ્રગતિ કરી શકશે. આમ બનશે તો દેશમાં ઉદ્યોગોનો ઝડપી વિકાસ થશે અને સાથે સાથે દેશનો પણ વિકાસ થશે.

"There are two educations. One should teach us how to make a living and other how to live."

-John Admas

- સ્નેહા અવાશિયા

Sheth C.N English Medium School Vishisht Varg

# પુસ્તક મારા મિત્ર

''અજ્ઞાન પર જ્ઞાનનો વિજય''

આ ઉક્તિ રવિન્દ્રનાથ ટાગોર દ્વારા કહેવામાં આવેલી. જ્ઞાન એટલે પુસ્તક. પુસ્તક જ્ઞાનનો ભંડાર છે પરંતુ માનવી તેનો આદર રાખતો નથી.

''પુસ્તક એટલે દેવી મા સરસ્વતી''

પૌરાણિક કાળથી પુસ્તકને દેવી સરસ્વતી તરી કે ઓળખવામાં આવે છે. અભ્યાસનું વર્ષ પૂર્ણ થયા પછી પુસ્તકોને જેમતેમ થેલામાં ભરી ભંગારમાં કે પસ્તીમાં આપી દઈએ છીએ તેથી પુસ્તકનું મહત્ત્વ ઘટે છે તેને બદલે બીજાને પુસ્તકો આપીને આપણી સાથે બીજાનું જ્ઞાન વધારી ભારતને સમૃદ્ધ કરી શકીએ છીએ.

''પુસ્તકને પુસ્તકાલય યાદ કરે છે તને એ નોટબુકના કાગળથી બનાવેલા કાગળના વિમાન (પ્લેન) યાદ કરે છે તને એ ગણિતની ૨૦૦ પાનાની જાડી ચોપડી યાદ કરે છે, ભાઈ પુસ્તક યાદ કરે છે તને''

મોટા થઈને પુસ્તકો એટલે શું એ પણ યાદ નથી રહેતું તમે બધાએ આ ઉક્તિ ક્યાંક ને ક્યાંક સાંભળી હશે નાના હતા ત્યારે હાથમાં પુસ્તક, મોટા થઈને પુસ્તકને બદલે મોબાઈલ, ઘરડા થઈને લાકડી. યુવાની માં મોબાઈલની જગ્યાએ પુસ્તકથી જ્ઞાન મેળવી શકાય છે. મોબાઈલને બદલે પુસ્તકોને મિત્ર બનાવવા જોઈએ. મોબાઈલ વાપરવો પણ ચોક્કસ સમય નક્કી કરીને જેમકે પંદર મિનીટ, ત્રીસ મિનીટ, પચાસ મિનીટ. સમય કાબુમાં રહેતો જ નથી.

જો કોઈ તમને પૂછે તમારો પાક્કો અને સાચો મિત્ર કોણ ? તો તમે શું જવાબ આપશો. કોઈપણ વ્યક્તિનું નામ, કોઈ છોકરો, કે કોઈ છોકરીનું નામ આપશે પણ કોઈપણ જવાબ એવો નહી મળે કે 'મારો સાચો મિત્ર પુસ્તક' છે. આવો તમને એકપણ જવાબ નહી મળે! ઘણા જવાબો એવા મળશે કે મારો મિત્ર માત્ર 'મોબાઈલ' તમે એક હાજર માણસોને પૂછશો કે તમારો સાચો અને પાક્કો મિત્ર કોણ છે? તો જવાબમાં 'પુસ્તક' આ અવાજ નહી સંભળાય તમને થશે કે આ દુનિયા અંધકારરૂપી અજ્ઞાનથી ભરેલી છે.

આપણને લાગે કે જ્ઞાન એ મોબાઈલમાંથી મળી રહેશે પરંતુ આદિ કાળમાં તો ક્યાં મોબાઈલ હતા? તો... શું પુસ્તક કોઈ વાંચતું નહોતું. તેથી જ ભારત અજ્ઞાનના અંધકારમાં રહી ગયો. કેટલાક લોકો ભણ્યા, પુસ્તક ખોલી વાંચ્યું. આર્યભટ્ટ, વરાહમિહિર, ડૉ. વિક્રમ સારાભાઇ, ડૉ. હોમીભાભા આ બધાએ કરેલી શોધો પુસ્તક વાંચ્યા વગર જ થઇ ગઈ? એમનેમ નથી થઇ. શૂન્ય, દશાંશ પદ્ધતિ, ખગોળશાસ્ત્ર, પરમાણું, અણુશક્તિ આ બધાની ખોજ અને શોધ જેમતેમ નથી થઇ તેની શોધ પુસ્તક વાંચવાથી અને કેટલાક મુદ્દા ભેગા કરીને થઇ છે.

પુસ્તકને મિત્ર સમજીને વાંચો એવું નહી કે પુસ્તકને આખો દિવસ વાંચ્યા કરીએ. થોડા સમયનું સમય-પત્રક તૈયાર કરીને તેમાં 'પુસ્તક વાંચન' નો સમય પણ નક્કી કરીને પુસ્તક વાંચન થઇ શકે જો તમે આ કરશો તો તમારે મોબાઈલ હાથમાં પકડીને જ્ઞાન મેળવવાની જરૂર નહી પડે.

પુસ્તકને મિત્ર માનો પછી જુઓ તમને શું શું નથી મળતું. મોટી મિલકત, સારૂં ભણતર, પરીક્ષામાં પ્રથમ નંબરે ઉતીર્ણ થવું. આ જેવા-તેવાનું કામ નથી. અને એટલે જ પુસ્તકો જ્ઞાનનો ભંડાર છે. તે કોઈને પોતાનો દુશ્મન બનાવતો નથી પરંતુ આપણે તેને મિત્ર બનાવી તેનું વાંચન કરતા નથી. પુસ્તકને મિત્ર બનાવો. પછી જુઓ તે તમને શું નથી આપતા ? ભાઈ મોટા થઈને પુસ્તકને ભૂલી જવું, પુસ્તકને ફેંકી દેવા વગેરે દ્વારા પુસ્તકનું અપમાન કરી રહ્યા છીએ. પરંતુ તેનાથી પુસ્તકનું મહત્વ ઘટતું નથી. પુસ્તક તો બાળકો માટે અલભ્ય ભેટ છે તેનો સ્વીકાર કરો. ભાઈ, પુસ્તકને યાદ કરો , તેનો જ્ઞાન ભંડાર યાદ કરો. શાસકો, રાજ્યો વગેરે સામાજિક વિજ્ઞાનમાં, વનસ્પતિના પ્રકારો વગેરે વિજ્ઞાનમાં, અપૂર્ણાંક, દશાંશ, ગુણોત્તર ગણિતમાં, સંસ્કૃતનું વ્યાકરણ, હિન્દીના નિબંધ બનાવનાર જેઓ હતા તેઓ હતા પુસ્તકના મિત્ર.



'BOOK IS MY FRIEND'

- ગોહેલ ભાવિન

ધોરણ-૭ક

# ''વાતચીત- એક ઉત્તમ કળા''

મિત્રો, પાણી અને વાણીનો ઉપયોગ યોગ્ય અને જરૂરિયાત મુજબ કરવો જોઈએ.આપણી ભાષામાં આપણા વિચારોનું પ્રતિબિંબ પડે છે. વાતચીતની ઢબ પરથી વ્યક્તિનું સ્થાન નક્કી થાય છે અને તેનું ચોક્કસ મૂલ્યાંકન થાય છે. સામેવાળી વ્યક્તિની ભીતર પ્રવેશ કરવો હોય તો વાતચીતનું માધ્યમ અસરકારક ભૂમિકા ભજવે છે. સુમધુર વાણીની સાથે સ્પષ્ટ,ધીમો પરંતુ આત્મવિશ્વાસથી છલોછલ અવાજ વ્યક્તિની આંતરીક શક્તિનો પરિચય આપે છે. ભાવપૂર્ણ સ્વભાવ હંમેશા વાતચીતમાં પ્રભાવ પ્રગટ કરે છે.

વાતચીત સંવાદનું પ્રવેશદ્વાર છે, અને સદવિચાર એ સારા વક્તાનું જમાપાસું છે. વાણીનો જાદુ કોઈપણ બુદ્ધિવાળા વર્તન કરતાં પ્રબળ અને પ્રભાવશાળી હોય હોય છે. વિચારોની યોગ્ય રીતે અભિવ્યક્તિ કરનાર વાતચીતની કલામાં સર્વોત્તમ સાબિત થાય છે.

સફળ વાતચીત માટે શબ્દભંડોળ અને વાતમાં સચ્ચાઈના રણકાથી સામેવાળી વ્યક્તિમાં તમે ધારેલું સંવેદન જગાવી શકો છો. વાતચીતમાં સફળતા મેળવવા સાંભળવાની કળા હસ્તગત કરવી અનિવાર્ય છે. વાતચીતમાં સભાનતા, રોચકતા અને વિવેકનો ત્રિવેણી સંગમ આવશ્યક છે. તમારી વાતચીત ખમીર અને ખુમારીવાળી હોવી જોઈએ. અનૈતિક્તા, નકારાત્મકતા અને નિંદા વાતચીતમાં રૂકાવટ લાવે છે. અર્થપૂર્ણ વાતોને મહત્વ આપનાર વ્યક્તિ જ સમર્થ બને છે. સર્વોત્તમ વાતચીત માટે વાણી અને વર્તન સુમધુર હોવા ઉપરાંત શબ્દભંડોળ અને ભાષાશુધ્ધિ હોવી આવશ્યક છે, સાથે સ્પષ્ટ, સાદો અને અસરકારક અવાજ પણ જરૂરી છે. વાતચીત કરવાની ઉત્તમ કળા સફળ જીવનયાત્રા માટે છે.તે હંમેશા યાદ રાખો.

- હિમાલી શાહ, મદદનીશ શિક્ષિકા

શેઠ ચી . ન. શિશુવિહાર

# હકારાત્મક દ્રષ્ટિકોણ

કોઈ પણ બાબતને જોવાની આપણી નજર કે દ્રષ્ટિ એટલે દ્રષ્ટિકોણ. આપણાં અંતરની અંદર રહેલું જે તત્વ આપણને ઊંચાઈએ લઈ જાય, એ હકારાત્મક દ્રષ્ટિકોણ કહેવાય.

શું તમે ક્યારેય વિચાર્યું છે, કે અમુક વ્યક્તિઓ, સંસ્થાઓ કે પછી દેશ, અન્ય કરતાં વધુ સફળ શા માટે થયા હોય છે? વ્યક્તિનો કે સંસ્થાનો વિકાસ તેની વિચારવાની દ્રષ્ટિ કે કામ કરવાની પધ્ધતિ પર વધુ આધારિત છે. જો પધ્ધતિ કે દ્રષ્ટિ વધુ પ્રભાવશાળી કે યોગ્ય હોય, તો વિકાસ યોગ્ય અને ઊંચો હોય છે તેમ જ એ શક્ય છે માત્ર અને માત્ર હકારાત્મક દ્રષ્ટિકોણની મદદ વડે.

દરેક વિદ્યાર્થીને પોતાની ઉન્નતિ માટે હકારાત્મક વિચારોની જરૂર છે. હકારાત્મક દ્રષ્ટિકોણની જરૂર છે. મનથી હારી જનાર વ્યક્તિ કરતાં વધારે કાયર કોઈ નથી માટે, જીવનની કે શૈક્ષણિક, કોઈ પણ પ્રકારની સમસ્યાનો એક જ રસ્તો છે ‘‘વિચારોમાં હકારાત્મકતા’’ આંતરિક ખુશી અને બીજાનું ભલું કરવાની ભાવના દરેક કાર્યને કરી શકવાની માનસિક શક્તિ કે કુશળતાને કેળવવી. હકારાત્મક દ્રષ્ટિકોણ, વ્યક્તિના કાર્ય પર આધારિત છે, કાર્યને ગતિ આપનાર વિચારો પર આધારિત છે, અને કાર્ય કરવાની મેહનત પર આધારિત છે. ત્વરિત વિચારવાની શક્તિ પર આધારિત છે.

એક માણસ મેળામાં ફુગ્ગાઓ વેચી આજીવકા રળતો હતો. તે પોતાની પાસે, લાલ, પીળા, વાદળી, લીલા, એમ દરેક રંગના ફુગ્ગાઓ રાખતો હતો જ્યારે તેની પાસે ઘરાકી ઓછી રહેતી, ત્યારે તે હીલિયમ ગેસ ભરેલો એક ફુગ્ગો હવામાં છોડી દેતો. બાળકો એ ફુગ્ગાને હવામાં ઊંચે આકાશ તરફ જતાં જોઈને આકર્ષાતાં, અને તેની પાસે ફુગ્ગો ખરીદવા પહોંચી જતાં. બાળકો એ ફુગ્ગા ખરીદતાં અને એનો ધંધો ફરી ધમધમવા લાગતો. એનો ધંધો આવી જ રીતે ચાલતો આવી જ રીતે ફુગ્ગાઓ વેચતી વખતે એણે જોયું કે કોઈક પાછળથી એનું શર્ટ ખેંચી રહ્યું છે. તેણે પાછળ વળીને જોયું તો ત્યાં એક નાનકડો છોકરો હતો. તેણે પુછયું ;’’ જો તમે પેલા કાળા ફુગ્ગાને હવામાં છોડો તો એ ઉડશે એ છોકરાની જિજ્ઞાસા સંતોષવા માટે એ ફુગ્ગાવાળાએ સહાનુભૂતિથી કહ્યું; ‘‘બેટા, આ ફુગ્ગા એનાં રંગના કારણે નહીં, પણ એની અંદર જે છે, એનાં કારણે ઊડી શકે છે.’’ માનવીના અંતરમાં જે છે, તે જ માનવીને ઉપર લઈ જવામાં મદદ કરે છે. મનુષ્યનું માનસ, મનુષ્યનાં વિચારો કે મનુષ્યનો હકારાત્મક દ્રષ્ટિકોણ.

એ Positive Attitude કે (આશાવાદ) ઉમ્મીદમાં સફળતા મેળવવા માટે, વિદ્યાર્થીકાળ દરમ્યાન અભ્યાસની સાથે સાથે જરૂરી છે - ધ્યાન, મેડિટેશન, ઉત્તમ વાંચન, પોતાના શિક્ષકો તરફથી મળતું જ્ઞાન, અને ઉત્તમ વિચારોને પોતાના જીવનમાં ઉતારવા. પ્રકૃતિનાં તત્વોનાં સાનિધ્યથી પણ હકારાત્મક વિચારોનો સંચાર થાય છે.

હકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો શારીરિક વ્યાયામ કરનારા ખેલાડીઓ જેવા જ હોય છે. તેઓ તાલીમ દ્વારા પોતાની અંદર ક્ષમતા માટે એક સંચયસ્થાન ઉભું કરે છે જે સ્પર્ધા વખતે કામમાં આવે છે અને સ્પર્ધા વખતે જરૂરી તાકાત મેળવી શકે છે. એજ પ્રમાણે હકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો પોતાના આવા હકારાત્મક અભિગમનો ખજાનો નિર્માણ કરી રાખે છે. તેઓ પોતાના મનને નિયમિત પણે શુદ્ધ ક્ષમતા અને હકારાત્મક વિચારોનો ખજાનો પૂરો પાડે છે. કારણ કે એ લોકો જાણે છે કે જીવનમાં ક્યારેક તો નકારાત્મક તત્વોનો સામનો કરવો જ પડશે, એવા વખતે જો હકારાત્મક તાકાત કે ક્ષમતા નહિ હોય તો નકારાત્મક અને અમાનવીય તત્વ વિજય મેળવશે.

હકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો આંખો પર પટ્ટી બાંધી ને ચાલનારા લોકોની જેમ મૂર્ખ નથી હોતા. આવા લોકો પોતાની નબળાઈ જાણતા હોવાથી પોતાની ક્ષમતા પર ધ્યાન કરી હંમેશા વિજય મેળવતા હોય છે. તેની સામે નિષ્ફળ લોકોને પોતાની ક્ષમતાનો અંદાજ હોય છે. છતાં વધુ ધ્યાન પોતાની નબળાઈઓ પર આપતા હોય છે. તે નબળાઈઓ પર વિજય મેળવવા માટે પણ હકારાત્મક વિચારો ખુબજ જરૂરી ભૂમિકા નિભાવે છે.

કસરત, યોગ્ય અને સાત્વિક ખોરાક, પરિવાર અને મિત્રો સાથેનું સ્વસ્થ જોડાણ અને વિદ્યાર્થીકાળ દરમિયાન શિક્ષણ પ્રત્યે પ્રેમ, નવું જાણવાની ધગશ / જિજ્ઞાસા - આ દરેક બાબતોથી વ્યક્તિને પોતાની ક્ષમતા પર વિશ્વાસ જાગે છે, અને તેનાં દ્વારા એ પોતાના ક્ષેત્રમાં સફળતાની સી ડી ચઢી શકે છે.

- તૃપ્તિ મથ્થર, અધ્યાપિકા
શેઠ ચી. ન. તાલીમી વિદ્યાલય

# પ્રાર્થના મંદિરમાં પૂર્વ વિદ્યાર્થી શ્રી જગત કિનખાબવાલાનું વક્તવ્ય

તારીખ ૧૭/૮/૨૦૨૪ના રોજ પ્રાર્થના મંદિરમાં શેઠ સી.એન. વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે પૂર્વ વિદ્યાર્થી અને પર્યાવરણવિદ્ શ્રી જગત કિનખાબવાલાના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓનું સ્વાગત ગુજરાતી માધ્યમની શાળાના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી દ્વારા રેંટિયો અને સુતરની આંટી પહેરાવીને કરવામાં આવ્યું હતું અને તેમનો પરિચય શાળાના આચાર્યશ્રી ધવલ પાઠક દ્વારા આપવામાં આવ્યો હતો.



તેઓએ પોતાના વક્તવ્યમાં ચકલી, કીડી અને હાથી વગેરેનું પર્યાવરણ જાળવણીમાં શું યોગદાન છે, તેની વાત કરી હતી તેમજ તેમનામાં રહેલી વિશેષતાઓ જણાવી હતી, તેમણે શેઠ સી.એન. વિદ્યાવિહાર પરિસર પર વસતા ૪૦ જાતના પક્ષીઓ અને ૨૫૦થી વધુ વૃક્ષોની વાત કરી હતી તેમણે વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું, દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં પણ શ્રી જગત કીનખાબવાલાના પુસ્તક વિશેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેઓએ વિદ્યાલયમાં બાળકો દ્વારા નાના ફૂલછોડ વાવીને બટરફ્લાય ગાર્ડન બનાવવાની વાત કરી હતી. અંતમાં ગુજરાતી માધ્યમના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

- ધવલ પાઠક, આચાર્ય, શેઠ ચી. ન. વિદ્યાલય

## CNSA's Artistic Gymnastics Pre-Level Competition




CNSA organized an internal competition for its own pre-level gymnasts on Sunday, 29th September 2024. About 70 students of 4 to 10 years of age participated in it. While top scorers were given medals, all participants received a Certificate of Appreciation mentioning their individual score and rank. CNSA's own Level 8 gymnasts were the judges for this competition.

## Students of CN English Medium Students Appear for Karate White Belt Exam



White Belt is the first level of exam in Karate. CNSA Karate coach has been providing training to CNEM students during school hours. Students were ready to appear for the first level exam within a few of training. Ten students of CNEM took the test on Sunday, 6th October 2024, along with other CNSA students.

**- Trupti Rawal,** Director, CNSA

## Ms. Willie Dewan All Gujarat Inter-School English Elocution Competition 2024-25




The 50th Ms. Willie Diwan All Gujarat Inter-School English Elocution Competition-2024-25 was held at C.N. Vidyavihar on 22.8.2024.

The event began with an inspiring keynote address by the director of Sheth C.N. English Medium School, emphasizing the importance of effective communication.

The event had 35 participants from different schools across the state. They showcased their oratory skills on the topic 'Be real in the world of filters'




The panel of judges evaluated the participants based on criteria such as content, delivery, and originality.

The Elocution Competition was a success, providing a platform for students to demonstrate their speaking prowess and confidence. The event was well-organized and appreciated by students, teachers, and parents alike.

**- Rita Mukherjee,** Director, CNEM

# માણેકબા પારિતોષિક વિતરણ કાર્યક્રમ



શેઠ સી.એન.વિદ્યાલયના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવા અર્થે તા. ૧૮.૭.૨૦૨૪ના રોજ સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં માણેકબા પારિતોષિક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે સાલ યુનિવર્સિટીના ડીન ડો. રૂપેશ વસાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમનો પરિચય શેઠ સી.એન. વિદ્યાવિહારના નિયામક ડો.વૈશાલીબેન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો અને મહેમાનશ્રીનું સ્વાગત સૂતરની આંટી અને રેંટિયાથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શેઠ સી.એન. ગુજરાતી માધ્યમના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી દ્વારા પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ડો. રૂપેશ વસાણી દ્વારા ધોરણ ૯ થી ૧૨ સુધી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે, જેમણે વર્ષ દરમ્યાન અભ્યાસિક અને સહઅભ્યાસિક વિષયોમાં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરેલ હોય તે વિદ્યાર્થીઓને મેડલ અને પારિતોષિક આપીને બિરદાવવામાં આવ્યા હતા. મહેમાનશ્રી દ્વારા આધુનિક ટેક્નોલોજી અંગે વાલીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાલયના આચાર્યશ્રી ધવલ પાઠક દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

## શ્રીમતી માણેકબા પારિતોષિક વિજેતા

### બાલ વિદ્યાલય

| ક્રમ | ઇનામની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| ૧. | ધો-૩માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ | અગરબત્તીવાળા મહેક રાજેશભાઈ |
| ૨. | ધો-૪માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ | પટેલ હિશા નિશિથ |
| ૩. | ધો-૫માં વાર્ષિક પરીક્ષામાં ભાઈઓમાં પ્રથમ | દવે શિવમ નિરજકુમાર |
| ૪. | ધો.૫માં વાર્ષિક પરીક્ષામાં બહેનોમાં પ્રથમ | ત્રિપાઠી ધ્યાના દિપમકુમાર |
| ૫. | ધો.૫માં સંગીતમાં પ્રથમ | સ્વાદિયા મહિમ્ન ઉત્કર્ષ |
| ૬. | શ્રી મૃદુલાબેન પરીખ બાળગીત સ્પર્ધા ભાઈઓમાં પ્રથમ | નિર્મલ શાંતનુ ગુલશન |
| ૭. | શ્રી મૃદુલાબેન પરીખ બાળગીત સ્પર્ધા બહેનોમાં પ્રથમ | દેસાઈ જેનીસા લાલજીભાઈ |
| ૮. | ચિત્રકામમાં શ્રેષ્ઠ | જોષી જયની નિકુંજ |

### કિશોર વિદ્યાલય

| ક્રમ | ઇનામની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| 1 | ધોરણ-૮માં - પ્રથમ | શાહ પાર્શ્વ હર્ષિતકુમાર |
| 2 | ધોરણ-૮માં બહેનોમાં- પ્રથમ | ખાંટ ધ્રુવી નિકુંજભાઈ |
| 3 | ધોરણ-૮માં સંગીતમાં- પ્રથમ | વોરા કાવ્યા હિતાંશુ |
| 4 | ધોરણ-૮માં અંગ્રેજીમાં- પ્રથમ | 1. શાહ પાર્શ્વ હર્ષિતકુમાર<br>2. ઓઝા અભિનવ મોહિત |
| 5 | ધોરણ-૮માં ગુજરાતીમાં - પ્રથમ | શાહ પાર્શ્વ હર્ષિતકુમાર |
| 6 | ધોરણ-૮માં સંસ્કૃતમાં- પ્રથમ | શાહ પાર્શ્વ હર્ષિતકુમાર |
| 7 | ધોરણ-૮માં હિન્દીમાં- પ્રથમ | ચોકસી મંથન નેહલભાઈ |
| 8 | ધોરણ-૮માં ગણિતમાં- પ્રથમ | ખાંટ ધ્રુવી નિકુંજભાઈ |
| 9 | ધોરણ-૮માં વિજ્ઞાનમાં-પ્રથમ | શાહ પાર્શ્વ હર્ષિતકુમાર |
| 10 | ધોરણ-૮માં સા.વિજ્ઞાનમાં પ્રથમ | ઓઝા અભિનવ મોહિત |
| 11 | ધોરણ-૭માં- પ્રથમ | શાહ કાવ્યા રીતેષ |
| 12 | ધોરણ-૭માં બહેનોમાં- પ્રથમ | શાહ કાવ્યા રીતેષ |
| 13 | ધોરણ-૭માં સંગીતમાં- પ્રથમ | દક્ષિણી મન જીજ્ઞાસુ |
| 14 | ધોરણ-૬માં - પ્રથમ | પરીખ ધ્રુવ નૈનેશ |
| 15 | ધોરણ-૬માં બહેનોમાં- પ્રથમ | શાહ આર્યા વિરાગભાઈ |
| 16 | ધોરણ-૬માં સંગીતમાં- પ્રથમ | વોરા મહાક્ષ રાજર્ષિ |
| 17 | કિશોર વિદ્યાલયમાં શ્રેષ્ઠ-ભાઈ | ઓઝા અભિનવ મોહિત |
| | કિશોર વિદ્યાલયમાં શ્રેષ્ઠ-બહેન | રાજપુરોહિત ત્વરા કિશોર |
| 18 | કિશોર વિદ્યાલયમાં રમતમાં શ્રેષ્ઠ-ભાઈ | પટેલ સિદ્ધ મયુરભાઈ |
| | કિશોર વિદ્યાલયમાં રમતમાં શ્રેષ્ઠ-બહેન | મકવાણા આર્યા વિપિનભાઈ |
| 19 | કિશોર વિદ્યાલયમાં ચિત્રમાં શ્રેષ્ઠ-ભાઈ | આહિર જય ભુપેન્દ્ર |
| | કિશોર વિદ્યાલયમાં ચિત્રમાં શ્રેષ્ઠ-બહેન | વાછાણી આસ્થા કપિલ |
| 20 | કિશોર વિધાલયમાં વકૃત્વમાં શ્રેષ્ઠ-ભાઈ | પ્રજાપતિ વંશ વિષ્ણુભાઈ |
| | કિશોર વિધાલયમાં વકૃત્વમાં શ્રેષ્ઠ-બહેન | શાહ મેહાવી પ્રણવભાઈ |
| 21 | કિશોર વિદ્યાલયમાં મૃદુલાબેનપરીખ સુગમ સંગીત સ્પર્ધા - ભાઈ | વોરા મહાક્ષ રાજર્ષિ |
| | કિશોર વિદ્યાલયમાં મૃદુલાબેનપરીખ સુગમ સંગીત સ્પર્ધા - બહેન | વોરા કાવ્યા હિતાંશુ |
| 22 | કિશોર વિદ્યાલયમાં સીવણમાં શ્રેષ્ઠ | પરમાર યાના નિકુંજકુમાર |
| 23 | કિશોર વિધાલયમાં સુથારીમાં શ્રેષ્ઠ | આસોદરિયા યુગ મુકેશભાઈ |

### વિદ્યાલય

| ક્રમ | ઇનામની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| ૧ | ધોરણ ૧૨ વિજ્ઞાનમાં પ્રથમ | દોશી આંગી જયેશકુમાર |
| ૨ | ગણિતમાં પ્રથમ | દોશી આંગી જયેશકુમાર |
| 3 | ભૌતિક વિજ્ઞાનમાં પ્રથમ | ચાવડા ભાર્ગવી બાબુભાઇ |
| ૪ | ધોરણ ૧૨ વિજ્ઞાનમાં બીજા | જાની પ્રતિક્ષા હિમતલાલ |
| ૫ | ધોરણ ૧૨ વિજ્ઞાનમાં ત્રીજા | શાહ પ્રાપ્તિ જિગીશ |
| ૬ | ધોરણ ૧૨ માં અંગ્રેજીમાં બીજા | શાહ પ્રાપ્તિ જિગીશ |
| ૭ | ધોરણ ૧૨ આર્ટસમાં પ્રથમ (સામાન્ય પ્રવાહ) | દવે હીર ધવલભાઈ |
| ૮ | ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં સંસ્કૃતમાં પ્રથમ | દવે હીર ધવલભાઈ |
| ૯ | ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં બીજા | શેઠ નિત્ય પરાગભાઈ |
| ૧૦ | ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં અંગ્રેજીમાં પ્રથમ | ઠાકોર તન્વી રાજેશભાઈ |
| ૧૧ | ધોરણ ૧૨ માં અંગ્રેજીમાં ત્રીજા | શાહ મિતી અભિષેક |
| ૧૨ | એકાઉન્ટમાં પ્રથમ | શાહ મિતી અભિષેક |
| ૧૩ | ધોરણ ૧૨ કોમર્સમાં પ્રથમ (સામાન્ય પ્રવાહ) | શાહ મિતી અભિષેક |

| | | |
|---|---|---|
| ૧૪ | ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં બહેનોમાં પ્રથમ | શાહ મિતી અભિષેક |
| ૧૫ | ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં બહેનોમાં પ્રથમ | ગોહિલ ભક્તિ કિશોર |
| ૧૬ | ધોરણ ૧૨ કોમર્સમાં પ્રથમ (સામાન્ય પ્રવાહ) | ગોહિલ ભક્તિ કિશોર |
| ૧૭ | ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં ગુજરાતીમાં પ્રથમ | ગોહિલ ભક્તિ કિશોર |
| ૧૮ | વાણિજ્ય સંચાલનમાં પ્રથમ | ગોહિલ ભક્તિ કિશોર |
| ૧૯ | આંકડા શાસ્ત્રમાં પ્રથમ | ગોહિલ ભક્તિ કિશોર |
| ૨૦ | રસાયણ શાસ્ત્રમાં પ્રથમ | દોશી હિરાંશી તરુણભાઈ |
| ૨૧ | જીવવિજ્ઞાનમાં પ્રથમ | ખડાલિયા રુદ્ર મેહુલભાઈ |
| ૨૨ | અર્થશાસ્ત્રમાં પ્રથમ | ગોહિલ ભક્તિ કિશોર |
| ૨૩ | અર્થશાસ્ત્રમાં બીજા | વાઘેલા શ્રુતિબા જોરાવરસિંહ |
| ૨૪ | અર્થશાસ્ત્રમાં ત્રીજા | શેઠ નિત્ય પરાગભાઈ |
| ૨૫ | ધોરણ ૧૧ માં વાર્ષિક પરીક્ષામાં બધા પ્રવાહોમાં પ્રથમ | સોની વિસ્મીત મિલિન્દ |
| ૨૬ | ધોરણ ૧૧માં અંગ્રેજીમાં બીજા | સોની વિસ્મીત મિલિન્દ |
| ૨૭ | ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં બધા પ્રવાહોમાં ગુજરાતીમાં પ્રથમ | જાની યોગીની વિરલકુમાર |
| ૨૮ | ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં બધા પ્રવાહોમાં અંગ્રેજીમાં પ્રથમ | શાહ હર્ષિલ હાર્દિક |
| ૨૯ | ધોરણ ૧૧માં અંગ્રેજીમાં ત્રીજા | શાહ પ્રથમ મનિષભાઈ |
| ૩૦ | ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં બધા પ્રવાહોમાં સંસ્કૃતમાં પ્રથમ | જાની યોગીની વિરલકુમાર |
| ૩૧ | વિદ્યાલયમાં ભાઈઓમાં શ્રેષ્ઠ | સુથાર માનિત કલ્પેશભાઇ |
| ૩૨ | વિદ્યાલયમાં બહેનોમાં શ્રેષ્ઠ | દેસાઈ ગોરલ ભાવિકભાઈ |
| ૩૩ | ધોરણ ૧૦ માં પ્રથમ | મહેતા યેશા અનિલકુમાર |
| ૩૪ | ધોરણ ૧૦ માં બહેનોમાં પ્રથમ | મહેતા યેશા અનિલકુમાર |
| ૩૫ | ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં બીજા | મહેતા યેશા અનિલકુમાર |
| ૩૬ | વિદ્યાલયમાં બહેનોમાં વકતૃત્વમાં શ્રેષ્ઠ | મહેતા યેશા અનિલકુમાર |
| ૩૭ | ધોરણ ૧૦ માં ગણિતમાં પ્રથમ (સ્ટાન્ડર્ડ ) | મહેતા યેશા અનિલકુમાર |
| ૩૮ | ધોરણ ૧૦ માં ગણિતમાં પ્રથમ (બેજીક) | અંટાલા ધ્યેય રમેશભાઈ |
| ૩૯ | ધોરણ ૧૦ માં ભાઈઓમાં પ્રથમ | સોનારા કીર્તન મહેન્દ્રભાઈ |
| ૪૦ | ધોરણ ૧૦ માં બીજા | સોનારા કીર્તન મહેન્દ્રભાઈ |
| ૪૧ | ધોરણ ૧૦ માં ગુજરાતીમાં પ્રથમ | સોનારા કીર્તન મહેન્દ્રભાઈ |
| ૪૨ | ધોરણ ૧૦ માં ત્રીજા | પટેલ ધ્યાનકુમાર સુસ્મિત |
| ૪૩ | ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં ત્રીજા | પટેલ ધ્યાનકુમાર સુસ્મિત |
| ૪૪ | ધોરણ ૧૦ માં સમાજશાસ્ત્ર/ભૂગોળમાં પ્રથમ | પટેલ ધ્યાનકુમાર સુસ્મિત |
| ૪૫ | ધોરણ ૧૦ માં કેમ્પસમાં પ્રથમ | કાતરીયા દિપ ભરતભાઈ |
| ૪૬ | ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં પ્રથમ | શાહ માહી અમિતભાઈ |
| ૪૭ | ધોરણ ૧૦ માં હિન્દીમાં પ્રથમ | ---------------------- |
| ૪૮ | ધોરણ ૧૦ માં સંસ્કૃતમાં પ્રથમ | શેઠ સ્પર્શ જયકુમાર<br>પટેલ કેવન હર્ષદભાઈ |
| ૪૯ | ધોરણ ૧૦ માં વિજ્ઞાનમાં પ્રથમ | ટાંક યક્ષ પાર્થભાઈ |
| ૫૦ | ધોરણ ૧૦ માં કમ્પ્યુટરમાં પ્રથમ | ટાંક યુગ પાર્થભાઈ |
| ૫૧ | ધોરણ ૧૦ માં સંગીતમાં પ્રથમ | વોરા હેલા રાજષી |
| ૫૨ | ધોરણ ૯ માં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૩ | ધોરણ ૯ માં બહેનોમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૪ | ધોરણ ૯ માં અંગ્રેજીમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૫ | ધોરણ ૯ માં ગુજરાતીમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૬ | ધોરણ ૯ માં સંસ્કૃતમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૭ | ધોરણ ૯ માં ગણિતમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૮ | ધોરણ ૯ માં વિજ્ઞાનમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૫૯ | ધોરણ ૯ માં સમાજશાસ્ત્રમાં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન |
| ૬૦ | ધોરણ ૯ માં હિન્દીમાં પ્રથમ | દવે જયનિ નીરજકુમાર |
| ૬૧ | ધોરણ ૯ માં સંગીતમાં પ્રથમ | પટેલ ધ્રુવ નિરવ |
| ૬૨ | ધોરણ ૯-૧૦ માં નિબંધ સ્પર્ધામાં પ્રથમ | ભટ્ટ વેદ સંદીપભાઈ |
| | ધોરણ ૯-૧૦ માં નિબંધ સ્પર્ધામાં બીજા | કોઠારી રિધ્ધી સિધ્ધાર્થ |
| ૬૩ | વિદ્યાલયમાં ભાઈઓમાં રમતમાં શ્રેષ્ઠ | વાઘેલા ઋષિરાજસિંહ જોરાવરસિંહ |
| ૬૪ | વિદ્યાલયમાં બહેનોઓમાં રમતમાં શ્રેષ્ઠ | શાહ કાવ્યા તુષાર<br>ચૌહાણ પ્રાચી સંદિપભાઈ |
| ૬૫ | વિદ્યાલયમાં ભાઈઓમાં ચિત્રમાં શ્રેષ્ઠ | શાહ જૈનમ નૈમેષકુમાર |
| ૬૬ | વિદ્યાલયમાં બહેનોમાં ચિત્રમાં શ્રેષ્ઠ | બક્ષી વરદા પ્રશાંત |
| ૬૭ | વિદ્યાલયમાં ભાઈઓમાં વકતૃત્વમાં શ્રેષ્ઠ | જોષી કલ્પ હિરેનભાઇ |
| ૬૮ | વિદ્યાલયમાં ભાઈઓમાં સંગીતમાં શ્રેષ્ઠ | વકીલ રુદ્ર જોયકુમાર |
| ૬૯ | વિદ્યાલયમાં બહેનોમાં સંગીતમાં શ્રેષ્ઠ | શાહ સંયમી મનીષકુમાર |
| ૭૦ | વિદ્યાલયમાં ભાઈઓમાં વિજ્ઞાનમાં શ્રેષ્ઠ | શાહ વેદાંત વિશાલ<br>શાહ આર્ષય આશિષ |
| ૭૧ | વિદ્યાલયમાં બહેનોમાં વિજ્ઞાનમાં શ્રેષ્ઠ | પટેલ ધાર્મી ચંદ્રેષભાઈ<br>ભટ્ટ વૈશ્વી ચિંતન |

## ટેકનિકલ સેન્ટર

| ક્રમ | નામ | કોર્સ | ઈનામ |
|---|---|---|---|
| 1) | ચૌહાણ ચિંતન રાજુભાઇ | Computer Aided Civil & Architectural Drafting | પ્રથમ |
| 2) | સોલંકી કૃષ્ણા રોહિતભાઈ | Computer Mechanical Drafting | પ્રથમ |
| 3) | પટેલ અનુજ જયેશભાઇ | Electrical Service Technician | પ્રથમ |

## કોલેજ ઓફ એજ્યુકેશન

| ક્રમ | નામ | કોર્સ | ઈનામ |
|---|---|---|---|
| 1 | મિર્ઝા આફતાબબેગ રહીમબેગ | બી.એડ. | પ્રથમ |

## ડી.એલ.એડ.

| ક્રમ | નામ | કોર્સ | ઈનામ |
|---|---|---|---|
| 1 | ખાંભલા લાલાભાઈ કરમણભાઈ | ડી.એલ.એડ. | પ્રથમ |

## Fine Arts College

| Sr. | Name | Course | Prize |
|---|---|---|---|
| 1) | Lagariya Kunjal Lakhubhai | A.T.D. | First |
| 2) | Madhapariya Diya Prakash | A.T.D. | Second |
| 3) | Modi Nipa Ashvinkumar | Sculptur | First |
| 4) | Patel Rutul Jitendrabhai | Applied Art | First |
| 5) | Maheshwari Saloni Omprakash | Applied Art | Second |
| 6) | Parmar Nirav Dineshbhai | Painting | First |
| 7) | Panchal Dharmendra Maheshkumar | Painting | Second |
| 8) | Shah Urvi Darshitbhai | Painting | Third |
| 9) | Sharma Trupti Krushnmurari | Painting | Fourth |

## C N English Medium School

| SR. | DETAILS | STUDENT NAME |
|---|---|---|
| 1 | First In Std. 3-A | Maarv Harshil Mehta |
| 2 | First In Std. 4-A | Krushna Chaitanyabhai Zinzuwadia |
| 3 | First In Std. 5-A | KAVYA SHUKLA |
| 4 | First In Std. 5-B | KUNJ SHUKLA |
| 5 | First In Std. 6-A | HITANSH SHAH |
| 6 | First In Std. 6-B | PRANVI KACHHY |
| 7 | First In Std. 7-A | AARUSH SHAH |
| 8 | First In Std. 7-B | LABDHI SHAH |
| 9 | First In Std. 8-A | MOKSHIT JAIN |
| 10 | First In Std. 8-B | FREYA SHAH |
| 11 | First In Std. 9-A | REYANSH SHAH |
| 12 | First In Std. 9-B | DARSH SHAH |
| 13 | First In Std. 10 | VRISHA VYAS |
| 14 | Second In Std. 10 | HARSH SHAH |
| 15 | First In Std. 11 Science | AARYAV JOSHI |
| 16 | First In Std. 11 Arts | SHIKHA SHAH |
| 17 | First In Std. 11 Commerce | TIRTH DOSHI |
| 18 | First In Std. 12 Science | VIPRABEN PATEL |
| 19 | First In Std. 12 Arts | BHAKTI PATEL |
| 20 | First In Std. 12 Commerce | YUVRAJ YADAV |
| 21 | First In Drawing Std. 3 to 5 | DHAIRYA SHAH |
| 22 | First In Drawing Std. 6 to 8 | NAISHA SHAH |
| 23 | First In Drawing Std. 9 to 12 | ANSHU RANA |
| 24 | First In Music Std. 3 to 5 | KAVYA HARDIKBHAI JANI |
| 25 | First In Recitation Std. 3 to 5 | MANYA DOSHI |
| 26 | First In Elocution Std. 6 to 8 | NAISHA SHAH |
| 27 | First In Debate Std. 9 to 12 | PARTHAVI DARJI |

### મા

મા તું જ છે મારી દુનિયા.
છે તારા વિના સુની દુનિયા.
ધબકારા મળ્યા તુજમાં,
પળ-પળ વિકાસ થયો મુજમાં.
તારી થકી અવતરી વિશ્વમાં.
તારા સંસ્કારે મળી ઓળખ વિશ્વમાં.
મારી સખી છે તું.
મારામાં વસે છે તું.
મા તુજ છે મારો આત્મવિશ્વાસ.
તારા વિના સુના છે શ્વાસ.
જગ આખું સમાયું તુજમાં,
આ મારી કાયા છે તું જ છાંયામાં.
મા તુજ છે મારી દુનિયા,
છે તારા વિના સુની દુનિયા.

– સૈયદ ઝહરાફાતિમા એ., ધોરણ-૮ડ

## શેઠ સી. એન. ડી.એલ.એડ.ની પ્રવૃત્તિઓ



ડી.એલ.એડ્ પ્રથમ વર્ષનો પ્રવેશોત્સવ વર્ષ- 2024-25



ડી.એલ.અડ્ના બંને વર્ષના પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક શિબિર



ડી.એલ.એડ્ વન ડે પિકનિક – અમદાવાદ દર્શન



ડૉ. વિક્રમસારાભાઈ જન્મજયંતિ નિમિતે વિજ્ઞાનમેળો



ડી.એલ.એડ્ના પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનું સંસ્થા દર્શન

# શેઠ સી. એન. વિદ્યાવિહારમાં પૂર્વ વિદ્યાર્થીઓ માટે ગરબોત્સવનું આયોજન




શેઠ સી. એન. વિદ્યાવિહારની સ્થાપનાના ૧૧૧ વર્ષની ઉજવણી અન્વયે ફેબ્રુઆરી ૨૦૨૪ માં યોજાયેલ રસોત્સવ-મેગા રીયુનિયનને મળેલ સફળતા બાદ ઘણા બધા પૂર્વ વિદ્યાર્થીઓ તરફથી ગરબાનો કાર્યક્રમ કરવાના સૂચનો આવ્યા હતા. જેને ધ્યાને લઈને શેઠ સી.એન.વિદ્યાવિહાર દ્વારા તેના તારીખ ૩૦.૯.૨૦૨૪ ના સોમવારના રોજ તેના પૂર્વ વિદ્યાર્થીઓ માટે ગરબોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને પણ ખૂબ જ સુંદર પ્રતિભાવ મળેલ.








શનિવાર, તા. ૨૮.૯.૨૦૨૪ના રોજ વરસાદની આગાહીને પગલે ગરબોત્સવની તારીખ બદલીને સોમવાર, તા. ૩૦.૯.૨૦૨૪ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રાત્રિના ૭.૦૦ કલાકથી સી.એન. સ્પોર્ટ્સ એકેડેમીના મેદાન પર આયોજિત ગરબોત્સવમાં વિદ્યાલયના જ પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા ગાયક શ્રી પ્રહર વોરા અને તેમના બેન્ડ દ્વારા કરાયેલ આ પ્રસ્તુતિ ખૂબ જ જોશસભર અને ઉત્સાહવર્ધક રહી હતી.



ગરબોત્સવની શરૂઆત બેઠા ગરબાથી કરવામાં આવી હતી. જેમાં ૬૦ થી ૭૫ની વયજૂથના પૂર્વ વિદ્યાર્થીઓ માટે બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી નીતિન શુક્લ, શ્રી ઉર્વીશ દવે, શ્રી પ્રતિક મુન્શી, શ્રી જયશ્રી મહેતા, શ્રી બીના હાંડા, શ્રી સ્મૃતિ ડાગુર, શ્રી દિપ્તી શાહ, શ્રી પ્રેમલ નાણાવટી, શ્રી આનંદ પાઠક, શ્રી ગૌરવ શેઠ, શ્રી હિમાંશુ શાહ વગેરે જોડાયા હતા. ત્યારબાદ મા અંબાની આરતી કરવામાં આવી હતી. કલાનિકેતનની વિદ્યાર્થિનીઓ સાથે વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, ટ્રસ્ટી શ્રી એસ.કે.શાહ તેમજ વિદ્યાવિહારની સંસ્થાઓના નિયામક/ આચાર્યો તેમજ પૂર્વ વિદ્યાર્થીઓ આરતીમાં જોડાયા હતા.



ત્યારબાદ શેરી ગરબા અને મંડળી ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાવિહારમાં ગવાતા અને જૂના ગરબાની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેને વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો હતો.



સાહિત્ય, કલા, સંગીત અને ઉદ્યોગ એ વિદ્યાવિહારના અભિન્ન અંગ રહ્યા છે. સોમવાર હોવા છતાં પણ યુવા વિદ્યાર્થીઓ ગરબાના તાલે મન મૂકીને ઝૂમી ઉઠ્યા હતા અને રાત્રિના ૧૨.૧૫ કલાક સુધી શાળા સમયના મિત્રો સાથે હિલ્લોળે ચડ્યા હતા. લગભગ ૧૫૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓ તેમના પરિવાર અને મિત્રો સાથે આ ગરબોત્સવમાં જોડાયા હતા.

ફાઇન આર્ટ્સ stall પર પર વિદ્યાર્થીઓએ Tatoo કરાવ્યા હતા. વિદ્યાવિહારના Souvenir નો stall પણ રાખવામા આવ્યો હતો. તમામ વયજૂથના પૂર્વ વિદ્યાર્થીઓમાં ૩૬૦ Photo Booth એ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. Food Courtની વિવિધ વાનગીઓની મઝા સહુએ માણી હતી. Valet Parkingની સુવિધા રાખવામા આવી હતી. Medical Emergency કદાચ ઊભી થાય તો, સાંજના ૬ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી પરિસર પર K.D. Hospitalમાંથી Ambulance સાથે ડોક્ટર અને તેમની ટીમ મેદાનમાં હાજર રાખવામા આવી હતી.

વિદ્યાવિહારની સ્થાપનાના ૧૧૧ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી અંતર્ગત વિદ્યાવિહાર સાથે સતત જોડાયેલા રહી સમય અને સહયોગ આપનાર પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી નિતિન શુક્લ, શ્રી વંદન દલાલ, શ્રી જીગેન શેરદલાલ, શ્રી હિમાંશુ શાહ, શ્રી સંદીપ શ્રોફ, શ્રી પ્રહર વોરા અને શ્રી ચિંતન શાહનો વિદ્યાવિહાર પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે.




ગરબાના અંતે પૂર્વ વિદ્યાર્થિનીઓ શ્રી અમી સેતલવાડ પટવા, ડૉ. અલ્પા શાહ અને કલાનિકેતનના કથકના faculty શ્રી રામતિલક કોરી એમ ત્રણ નિર્ણાયકો દ્વારા વિવિધ ઇનામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં Best Performance Male & Female, Best Costume Male & Female, Best Couple Performance, Special Best Performance, Batchwise Highest Participation જેવા ઇનામો જાહેર થયા હતા. ૨૦૨૦ની બેચે સહુથી વધુ ૬૫ વિદ્યાર્થીઓની હાજરી સાથે ઇનામ મેળવ્યું હતું.




વિદ્યાવિહારના પ્રાંગણમાં નોરતા પહેલા આદ્યશક્તિમાં નવદુર્ગાનો ઉત્સવ એવો ગરબોત્સવ સફળ અને યાદગાર રહ્યો હતો.

- હેતલ મહેતા

ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

